## સંક્ષિપ્ત સમાચાર

### નવાનગર પ્રાથમિક શાળા જિલ્લા કક્ષાએ ઝળકી

ઈશરી, તા. ૧૧

અરવલ્લી જિલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ સરડોઈની એ.એમ. શાહ હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો. જેમાં મેઘરજ તાલુકાની નવાનગર પ્રાથમિક શાળાના વિદ્યાર્થી મદારી ભન્નાનાથ બાબુનાથ ગોળાફેંકમાં ચોથા નંબરે આવ્યા હતા અને અંડર-૧૩ બહેનોમાં ૧૦૦ મીટર ૪૦૦ મીટરની દોડમાં સીપાઈ યાશ્મીન ઈકબાલભાઈ ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે. શાળાનું ગૌરવ વધારતાં શાળાના આચાર્ય અને સીઆરસી નફીશાબેન તેમજ બીઆરસી દિલીપભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

### ડચકા-બેલ્યો હાઈસ્કૂલમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ઈસરી, તા. ૧૧

લોકમંગળ ઉ.મા. વિદ્યાલય ડચકા-બેલ્યો ખાતે રવિવારના રોજ શાંતાબેન હરગોવિંદદાસ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા, સદવિચાર પરિવાર મોડાસા અને જલારામ આરોગ્ય ટ્રસ્ટ મેઘરજ દ્વારા મફત નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં જરૂરિયાતમંદ દર્દીને મફત દવાઓ તથા ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય તથા સ્ટાફ ગણે હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

### વડગામ યુથ કોંગ્રેસે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

ગુજરાતના ગીરના જંગલમાં સરકારે કરોડો રૂપિયાની અંદાજીત ૪૦૦ એકર જમીન ફક્ત પંદર રૂપિયા સ્કવેર ફૂટના પાણીના ભાવે ખાનગી કંપનીને આપી દીધી છે. જે કંપનીમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલની દિકરી અનાર પટેલની કથિત ભાગીદારી હોવાની વાત બહાર આવતા કોંગ્રેસ દ્વારા ઠેર ઠેર ધરણા અને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. જેને પગલે વડગામ યુથ કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો હાજર રહ્યા હતા.

### અરવલ્લી એલસીબીની ટીમે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડયા

મોડાસા, તા.૧૧

અરવલ્લીના માલપુર અને ભિલોડાના બે જુદા જુદા ગુનાઓમાં સંડોવાયેલ અને નાસતા ફરતા બે આરોપીને જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયા હતા અને બંને આરોપીને જે તે પોલીસ મથકના હવાલે કર્યા હતા.

અરવલ્લી જિલ્લા પોલીસ વડાની સૂચનાને પગલે અરવલ્લી એલસીબી પોલીસે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં ભિલોડામાં વિવિધ ગુનામાં સંડોવાયેલ અને લાંબા સમયથી નાસ્તા ફરતા આરોપી અનિલ ઉર્ફે ગોદો ચીમનભાઈ નિનામા (ડોડીલરા)ને ભિલોડા ખાતેથી તેમજ માલપુર ખાતેથી મુકેશભાઈ જુજારભાઈ પરમારને મોડાસા ડાઉન વિસ્તારમાંથી બાતમીના આધારે ઝડપી પાડયો હતો અને બંને આરોપીને અલગ અલગ પોલીસ મથકમાં મોકલી આપ્યા હતા.







# અરવલ્લીના રામદેવ મંદિરોમાં જામા જાગરણ જ્યોત પાટોત્સવ યોજાયો

અરવલ્લી-સાબરકાંઠામાં બારબીજમાં સહુથી મોટી ગણાતી મહાસુદ-બીજના આજના મંગલ દિને ભગવાને રામદેવજીના પાટોત્સવ તેમજ જામા-જાગરણનો અનન્ય મહિમા હોવાથી બન્ને જિલ્લામાં રામદેવપીરના મંદિરોમાં વહેલી સવારથી દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવિકભક્તો ઉમટી પડ્યા હતા. મહાસુદબીજના દિવસે મોડાસા તાલુકાના પ્રસિદ્ધ રામદેવજી મંદિર રાજપુર અને યાત્રાધામ દેવરાજધામ, શ્રી સિદ્ધ રામદેવજી મંદિર (ડીપ), બાયલ-ઢાંખરોલ ગામે, મોડાસાના દલીલપુર આશ્રમ સહિત અનેક ધાર્મિક સ્થળોએ દિવસભર દર્શન-પૂજા અર્ચના અને રાત્રે ભજન-કિર્તન, આખ્યાન સાથે પાવન અવસરની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા તાલુકાના રાજપુર રામદેવજી મંદિર અને દેવરાજધામ ખાતે મહાબીજ જ્યોતપાટ ઉત્સવની ઉજવણીમાં હજ્જારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને ઉમંગભેર ઉજવણી કરાઈ હતી.

# હિંમતનગરની શ્રેષ્ઠ શાળામાં કોમ્પ્યુટર ધૂળ ખાય છે

**એસ.એમ.સી. સભ્યોએ રજુઆત કરી છતાં પરિણામ શૂન્ય : આઈ.ટી. ક્ષેત્રની ઉજ્જવળ તકોની વાત કરતી સરકારને સ્લમ વિસ્તારના વિદ્યાર્થીઓની પડી નથી**

હિંમતનગર, તા. ૧૧

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવની મસમોટી જાહેરાત પાછળ લાખ્ખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં પ્રાથમિક શાળાઓના શિક્ષણ સ્તરમાં નોંધપાત્ર સુધારો થયો નથી. ત્યારે હિંમતનગરના વણઝારા વાસમાં આવેલ અને શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૮માં જાહેર કરાયેલી શ્રેષ્ઠ શાળાને ફાળવવામાં આવેલ કોમ્પ્યુટર આજે ધૂળ ખાય છે.

આ અંગેની વિગત એવી છે કે રાજ્ય સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાન, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ સહિત અનેક કાર્યક્રમોની જાહેરાત કરી હતી. ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા માટે જાય તે માટેના અનેક પ્રયાસો કરવામાં આવતા હોવાના સરકારી દાવાની પોલ છતી થઈ છે. હિંમતનગર તાલુકામાં વર્ષ ૨૦૦૮માં જાહેર કરવામાં આવેલી શ્રેષ્ઠ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને કોમ્પ્યુટરનું જ્ઞાન મળે છે કે નહિ તેની તપાસ સુદ્ધા કરવાની દરકાર કરવામાં આવતી નથી.

આ અંગે એસ.એમ.સી.ના મગનભાઈ વણઝારા સહિતના સભ્યોએ જણાવ્યું હતુ કે હિંમતનગરના વણઝારાવાસમાં આવેલ પ્રાથમિક શાળા અને ઠુમરા પ્રાથમિક શાળામાં સ્લમ વિસ્તારમાં ગરીબ પરિવારના બાળકો અભ્યાસ કરે છે. વર્ષ ૨૦૦૮માં સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી કરીને શાળામાં પાંચ કોમ્પ્યુટર ફાળવવામાં આવ્યા હતા. પરંતુ ગ્રાન્ટના અભાવે કોમ્પ્યુટરની મરામત તથા જાળવણી ન થતાં લાખ્ખો રૂપિયા પાણીમાં ગયા છે અને અત્યારે આ કોમ્પ્યુટર બંધ હોવાથી ધૂળ ખાય છે.

આ અંગે શાળાના આચાર્ય તથા શિક્ષકોએ પણ અનેક રજુઆત કરવા છતાં પણ તાલુકા શાળા અને વણઝારાવાસ પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર રીપેર કરવામાં આવતા નથી. જેના કારણે બાળકો કોમ્પ્યુટરના શિક્ષણથી વંચિત રહ્યા છે. આઈ.ટી. ક્ષેત્રની વાતો કરતી વર્તમાન સરકાર સ્લમ વિસ્તામાં આવેલી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ મળે છે કે નહિ તેની કોઈ દરકાર કરાતી નથી.

આ અંગે નાયબ જિલ્લા શિક્ષણાધિકારી જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે તપાસ કર્યા બાદ કોમ્પ્યુટર રીપેર કરાવી શરૂ કરવામાં આવશે.



અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં દેશીદારૂનુ ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યુ છે અને તાલુકાનુ યુવાધન અને કેટલાક પરિવારો દારૂના ખપ્પરમાં હોમાઈ ગયા છે. ક્ષત્રિય-ઠાકોર સેનાના પ્રમુખ સંજયજી ઠાકોરની આગેવાની હેઠળ બાયડ તાલુકા ક્ષત્રિય સેનાના સદસ્યાએ બાયડ પોલીસ મથકમાં આવેદનપત્ર આપી ૧૫ દિવસમાં દારૂના અડ્ડા બંધ કરાવવા ચીમકી ઉચ્ચારી હતી. વર્ષોથી અરવલ્લી જિલ્લામાં પોલીસતંત્ર જે કામ ન કરી શકી તે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા દેશી દારૂના અડ્ડા બંધ કરાવવામાં સફળ રહેતા જિલ્લાના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો.

# તલોદના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત

**વર્ષ પુર્ણતાના આરે છતાં અધિકારીઓ અને શાળાઓની એકબીજાને ખો, વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર માઠી અસર**

તલોદ, તા. ૧૧

સરકારમાંથી ગરીબ, આર્થિક પછાત, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અભ્યાસના વર્ષના શરૂઆતે અપાય છે. જેથી આ વિદ્યાર્થીઓને આ રકમ અભ્યાસ અર્થે ઉપયોગી બને તેવુ ઉમદા હેતુ રહેલો છે. પરંતુ તલોદમાં આવેલ શાળાઓમાં વર્ષ પુર્ણતાના આરે આવ્યુ હોવા છતાં હજુ સુધી શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને મળી નથી. જે અંગે ઉચ્ચકક્ષાએથી અને શાળાઓમાંથી વિદ્યાર્થીઓને એક યા બીજા બહાના હેઠળ સતત ટટળાવી રખાય છે. સરકારની મહત્વની ગણાતી આ પ્રવૃત્તિ અધિકારીઓની બેજવાબદારીપૂર્વકના વલણથી બદનામ થઈ રહી છે.

દેશમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી અભ્યાસની ખેવના ધરાવતા આર્થિક પછાત, ગરીબ, ઓબીસી, એસ.સી. અને એસ.ટી. વર્ગના વિદ્યાર્થીઓને સરકારના ધારાધોરણ મુજબ શિષ્યવૃત્તિ ચુકવાય છે. પરંતુ સરકારના કેટલાક વિભાગોની બેદરકારીથી આ શિષ્યવૃત્તિ ચોક્કસ સમયમર્યાદામાં વિદ્યાર્થી સુધી પહોંચતી નથી અને તેજસ્વી વિદ્યાર્થી આર્થિક અસહાય બની અભ્યાસ તરછોડી દેવાતા હોવાના બનાવો બનતા હોય છે. આવી જ રીતે તલોદની શાળાઓમાં પણ આજદિન સુધી શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને મળી નથી. જે અંગે સાબરકાંઠા સમાજકલ્યાણ વિભાગના નિયામક કે.એમ. ઝાલાને વાલીએ ટેલીફોનિક સંપર્ક કરી શિષ્યવૃત્તિ અંગે પુછતા તેઓએ જણાવ્યું હતું કે હાલ રજા ઉપર છુ અને આ અંગે હુ કશુ જાણતો નથી. ઉચ્ચ અધિકારીના બેજવાબદારી આ જવાબથી વાલી હેબતાઈ ગયા હતા.

# રતનપુર ચેકપોસ્ટ પાસેથી કતલખાને લઈ જવાતા પશુઓ ભરેલી ટ્રક ઝડપાઈ

શામળાજી, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના શામળાજી પોલીસે ઓપરેશન હાથ ધરી રતનપુર ચેકપોસ્ટ નજીકથી ટ્રકમાં ભરી કતલખાને લઈ જવાતા પશુઓને બચાવી લેવાયા હતા. ટ્રકમાં મરણતોલ હાલતમાં ૭૮ જેટલા અબોલ પશુઓને કતલખાને ધકેલવામાં આવી રહ્યા હતા ત્યારે પોલીસે છાપો મારી આ ટ્રક ઝડપી લીધી હતી. જ્યારે મધ્યપ્રદેશ રાજ્યના બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને પોલીસ દ્વારા ૧૧,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો.



મળતી વિગત મુજબ શામળાજી રતનપુર ચેકપોસ્ટ પરથી મોટી માત્રામાં પશુઓ ભરીને કતલખાને લઈ જવાતા હોવાની બાતમીને પગલે શામળાજી પોલીસ દ્વારા રતનપુર નજીક ટ્રકને રોકી તલાશી લેવામાં આવી હતી. જેમાં પશુઓને ગળાના ભાગે, પગના ભાગે અને મોઢાના ભાગે મરણતોલ હાલતમાં ખીચોખીચ બાંધી ઘાસચારો કે પાણીની સગવડ કર્યા વગર કતલખાને લઈ જવાતા હતા. જેથી શામળાજી પોલીસના સર્ચ ઓપરેશનથી આ પશુઓને બચાવી લેવાયા હતા. તપાસ દરમિયાન ૭૮ નંગ ગાયો જેની કિંમત રૂ. ૧,૪૮,૦૦૦ તથા ૧૦ લાખની કિંમતની ટ્રક મળી ૧૧,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. જ્યારે પશુઓને કતલખાને લઈ જતા અંસાર સલામુદ્દીન ડુંડ રહે. બોતલગંજ તા, મલ્હારગઢ, જી. મન્સૌર મ. પ્રદેશ અને બીજો આરોપી મુસ્તાક બશીરદાના મુસલમાન રહે. મુલતાનપુરા તા. જી. મન્સૌર મ. પ્રદેશને ઝડપી લેવામાં આવ્યા હતા અને આ બંને શખ્સો વિરૂદ્ધ પશુ સરંક્ષણધારાની કલમ હેઠળ શામળાજી પોલીસે ગુન્હો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.



રાજ્ય સરકાર દ્વારા ગત વર્ષે ભૂમિપુત્રોની જમીન રીસર્વે કરવાનો કોન્ટ્રાક્ટ ખાનગી કંપનીને અપાતા કંપનીના કર્મચારીઓએ રીસર્વેની કામગીરી આડેધડ અને ખામીયુક્ત કરતા ખેડૂતોની જમીનનું ક્ષેત્રફળ બદલાઈ ગયાની સાથે સાથે કેટલાક ખેડૂતોના આખેઆખા સર્વે નંબર જ નકશામાંથી ગાયબ થઈ જતા અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોમાં ભારે રોષની લાગણી ફેલાઈ હતી અને જિલ્લા ડી.એલ.આર. કંપનીમાં અરજીઓના ઢગલા ખડકાઈ ગયા હતા તે સમયે કિસાનસંઘે વાંધો ઉઠાવ્યાની સાથે પ્રમોગેશનનો વિરોધ કરેલ છતાં પણ સરકારી નિષ્કાળજી દાખવતાં પ્રમોગેશનની મંજુરી આપી દેતા જિલ્લાના ખેડૂતપુત્રો મુશ્કેલીમાં મુકાયા હતા. રીસર્વેની અરજીઓ મંગાયા બાદ અરજીઓ પણ ધુળ ખાઈ રહી હોવાથી રીસર્વેની કામગીરી ઝડપી બનાવવા અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં મામલતદારને કિસાનસંઘ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### શાંતિપુરા પ્રાથમિક શાળાનું ગૌરવ

પ્રાંતિજ, તા.૧૧

પ્રાંતિજ તાલુકાના શાંતિપુરા ગામે શાંતિપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની રાઠોડ કલ્પનાબા ગોળાફેંક સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ તથા શાળાનો વિદ્યાર્થી રાઠોડ ગુણવંત ઉંચીકુદમાં જિલ્લામાં બીજા નંબરે તથા રાઠોડ ભૂપેન્દ્ર એ લાંબીકુદમાં જિલ્લામાં ત્રીજા ક્રમે આવીને શાળાનું તથા ગામનું ગૌરવ વધાર્યુ હતું. શાળા પરિવાર તથા ગ્રામજનોએ ત્રણેય વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જયારે તા. ૨૬મી જાન્યુઆરીના રોજ શાળામાં સૌથી વધુ ભણેલી દિકરી રાઠોડ સંજનાબા બાલુસિંહ દ્વારા શાળામાં ધ્વજવંદન કરાયું હતું.

### દિયોદર એસ.ટી.પી. વર્ગના બાળકોએ વિવિધ કચેરીની મુલાકાત લીધી

દિયોદર, તા. ૧૧

દિયોદર તાલુકાના માધુપુરા, ધનકવાડા, રૈયા ગામના જે બાળકો શિક્ષણ સાથે જોડાયેલ નથી તેવા એસ.ટી.પી. વર્ગના ૨૦ થી વધુ બાળકોએ આજે દિયોદરમાં દૂધ ડેરી, પીએસસી, રેલવે સ્ટેશન, સણાદર, અંબાજી મંદિર તથા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી.

જેમાં આ બાળકોને સરકાર દ્વારા એસ.ટી.પી. વર્ગમાં સમાવેશ કરી એક વર્ષનો વર્ગ આપી ઉંમર પ્રમાણે શાળામાં ધોરણ આપવામાં આવશે. આજે આ બાળકોએ વિવિધ કચેરીની મુલાકાત લઈ શિક્ષણની પ્રેરણા મેળવી હતી. આ કચેરીની મુલાકાતમાં ઉપસ્થિત સી.આર.સી.માંથી મયુરભાઈ પટેલ, મહેન્દ્રભાઈ, આશાબેન, પુરવીબેન ઉપસ્થિત રહ્યા હતા.

# સાદોલીયા સાબરમતી બ્રીજના રોડ ઉપર ગાબડુ પડતા વાહનચાલકોને હાલાકી

સલાલ, તા. ૧૧

સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાને જોડતો રોડ પ્રાંતિજ તાલુકાના સાદોલીયાથી અનોડીયા સુધી હમણાં જ પાકો બનાવવામાં આવ્યો છે. પરંતુ સાદોલીયા પાસેથી પસાર થતી સાબરમતી નદી ઉપર બનાવેલ બ્રીજના રોડ ઉપર એક ગાબડુ પડતાં બ્રીજ ઉપરથી થતા તમામ વાહનો ઘડીભર થંભી જાય છે. અને પછી પસાર થાય છે. સાબરકાંઠા અને મહેસાણાને જોડતા આ રોડ ઉપર ચોવીસ કલાક વાહન વ્યવહાર ધમધમે છે.

વડાગામ ધનસુરા બાજુથી ઓવર લોડ કપચી ભરેલી ટ્રકો તેમજ ખનીજ રેતી ભરેલી ટ્રકો રાત દિવસ દોડે છે. અને સુપ્રસિદ્ધ યાત્રાધામ ઘંટાકર્ણ મહાવીર મહુડીમાં દર રવિવારે આજ વિસ્તારની જનતા દર્શન માટે દોડી જાય છે. પરંતુ સાદોલીયા પાસે સાબરમતી નદી ઉપર બનાવેલ બ્રીજના રોજ ઉપર બ્રીજ વચ્ચેજ ગાબડુ પડ્યુ હોવાથી પસાર થતા વાહન વ્યવહારના ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. જેથી વાહન ચાલકોની લાગણીને માન આપી તંત્ર દ્વારા બ્રીજ ઉપરનું ગાબડાનું સમારકામ સત્વરે હાથ ધરાય તેવી લાગણી દર્શાવી છે.

### વડગામ પંથકમાં વાદળ છવાયા ખેતીના પાકોમાં રોગચાળાનો ભય

બનાસકાંઠાના વડગામ પંથકમાં વરસાદી વાદળ છાયુ વાતાવરણ છવાતા આકાશમાં કાળા ડિબાંગ વાદળો નજરે પડી રહ્યા છે અને ખેતીવાડી પાકોમાં રોગચાળાનો ભય જોવા મળી રહ્યો છે. શિયાળાની ઋતુ પોતાના અંતિમ ચરણમાં છે. આમ મોટા ભાગનો ઉભો પાક તૈયાર થઈ ગયો છે. આથી બેવડી ઋતુ-વાદળ છાયા વાતાવરણને લીધે પાકમાં રોગચાળાની ભીતી સેવાઈ રહી છે. કમોસમી વરસાદી જાપટુ પડશે તો ખેડૂતોની હાલત કફોડી બનશે.




# થરા પોલીસ સ્ટેશનમાંથી રેતી ભરેલુ ડમ્પર ચોરાયુ

કાંકરેજ તાલુકાના થરા પોલીસ સ્ટેશનની આગળના ભાગે મામલતદારે થરા બાજુથી રોયલ્ટી વગરનું રેતી ભરેલ ડમ્પર પકડીને મુકાયેલ અને ડમ્પરની ચાવી તથા રોયલ્ટીનો રીપોર્ટ પી.એસ.ઓ.ને આપ્યો હતો. જેને કોઈ ઈસમે ડમ્પરને ચાલુ કરીને ચોરીને લઈ ગયો. જેની ફરિયાદ થરા પોલીસ સ્ટેશને કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. કાંકરેજ મામલતદારે થરા બાજુથી રેતી ભરેલ ડમ્પર નંબર જીજે.૮.ઝેડ.૮૮૨૦ નંબરવાળુ ડમ્પર કિંમત રૂપિયા ૧૨ લાખને રોયલ્ટી વગરનું રેતી ભરેલ હોઈ તેને પકડી થરા પોલીસ સ્ટેશનના આગળના ભાગમાં મુકાવ્યુ હતુ અને થરા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.ને ડમ્પરની ચાવી તથા રોયલ્ટી બાબતનો રીપોર્ટ આપ્યો હતો. જેને તારીખ ૯-૨-૨૦૧૬ સમય ૧૧ થી ૧૦-૨-૨૦૧૬ના સમય ૫ વાગ્યાની આસપાસ કોઈ અજાણ્યા ઈસમે ડમ્પર ચાલુ કરીને ચોરી ગયો હતો. જે બાબતે પી.એસ.ઓ. એ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ડમ્પર શોધવા માટે તપાસ હાથ ધરી હતી જેની તપાસ થરા પી.એસ.ઓ. બી.એમ. કરમટા કરી રહ્યા છે.